

અટલજીને અંજલિ - ગાંધીનગર ખાતે સામાજીક, રાજકીય અને ધાર્મિક સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ પ્રાર્થનાસભામાં ભારત રત્ન પૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી બાજપાઈજીને ભાવપૂર્વક અંજલિ અપાઈ હતી... પૂજ્ય ફુલશંકર શાસ્ત્રીજીના અધ્યક્ષસ્થાને યોજાયેલ પ્રાર્થનાસભામાં સામાજીક અને રાજકીય આગેવાનો, સંતો-મહંતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# સે-૨૪ થી ૨૭ માં ગટર લાઈનને અપગ્રેડ કરવા માટે ૧.૫૦ કરોડ ખર્ચાશે

ગાંધીનગર તા ૨૪

શહેરના જુના સેકટરોમાં ગટર લાઈનની સમસ્યાને ડામવા માટે ગટરલાઈનને અપગ્રેડ કરવાનુ કામ હાથ ધરાશે. આ કામગીરી પાછળ રૂ ૧.૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જુના સેકટરોમાં સે૨૪ થી ૨૭ માં ગટર લાઈન જુની અને કંગાળ હાલતમાં હોવાથી અનેક પ્રશ્નો ઉઠવા પામે છે. સેકટરોમાં ઉભરાતી ગટરની સમસ્યાને હલ કરવા માટે ટુંકમાં ટેન્ડર પ્રક્રીયા હાથ ધરી કામ શરૂ કરાશે.

શહેરમાં દાયકાઓ જુની ગટરલાઈનના લીધે સેકટરોમાં રોજબરોજ નતનવી સમસ્યાઓ ઉઠવા પામે છે. સેકટરોમાં ગટરો ઉભરાતી હોવાની વ્યાપક ફરિયાદો આમ નાગરિકોના રોષનુ કારણ બની છે. જયારે તંત્ર પાસે પણ મેનપાવર અને મશીનરીનો અભાવ હોવાથી ગટર લાઈનની ફરિયાદોને ડામવાનુ કામ વધુ મુશ્કેલ બન્યુ હોવાનુ સ્પષ્ટ થયુ છે. ગટર લાઈનના મેઈનહોલમાં પણ કરવામાં આવ્યુ નથી. જયારે સેકટરના વિકાસની સાથે વધતી વસતીના લીધે ગટર લાઈનની ક્ષમતા વધારવાની પણ અનિવાર્યતા ઉભી થઈ છે. આવા

**વર્ષો જુની લાઇન બદલવામાં આવશે : સેક્ટરોમાં ઉદભવતી ફરિયાદોનુ નિરાકરણ આવશે**

વારંવાર ક્ષતિ સર્જાતા સેકટરોમાં ગટરોનુ દુષિત પાણી ફરી વળતુ હોવાનો રોષ પણ સ્થાનિકોમાં ઉઠવા પામે છે. નગરના સે-૨૪, ૨૫ અને સે-૨૭ માં છેલ્લા ઘણાં સમયથી ગટરલાઈનની સમસ્યા જટીલ બની છે. જેના લીધે સ્થાનિકોએ ગુંગળામણ અનુભવાનો વારો આવે છે. ગટર લાઈન જુની અને કંગાળ હાલતમાં છે. શહેરમાં ગટરલાઈનને અપગ્રેડ કરવા માટે આજદિન સુધી કોઈ આયોજન સંજોગોમાં તંત્ર દ્વારા લાઈનને અપગ્રેડ કરવાનુ તબક્કાવાર કામ હાથ ધરવામાં આવે છે. સે-૨૪ થી ૨૭ માં ગટર લાઈનને અપગ્રેડ કરવા માટે ૩૦૦ થી ૪૫૦ એમ એમ ની લાઈન નાખવા માટેનુ આયોજન કરવામા આવ્યુ છે. આગામી દિવસામાં ટેન્ડર પ્રક્રીયાના અંતે ટુંકમાં જ કામ હાથ ધરાશે. જયારે આ કામગીરી પાછળ રૂ ૧.૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

# રેડિયો પર અટલજીનો અવાજ સંભળાતા જ ભીડ જામતી હતી : ફુલશંકર શાસ્ત્રી

**અટલજીએ દેશ સેવામાં કોઇ કચાશ રાખી નથી : સે-૧૨ સ્થિત ઉમિયા મંદિરના હોલમાં ગાંધીનગરના નાગરિકોની અટલજીને અનોખી શ્રધ્ધાંજલિ : પ્રાર્થનાસભામાં શબ્દ, સુર અને સંગીતના સથવારે અટલજીના સંસ્મરણો વાગોળ્યા**

ગાંધીનગર તા ૨૪

ભારત રત્ન અને પુર્વ વડાપ્રધાન અટલબિહારી વાજપેયીને શ્રધ્ધાંજલિ અર્પવા માટે ગાંધીનગરના નાગરિકો દ્વારા આજે સે-૧ ૨ સ્થિત ઉમા હોલ ખાતે એક પ્રાર્થના સભાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન સ્ટેજ પરથી રજુ થતા વૈવિધ્યસભર ભજનો વચ્ચે અટલજીના રાજકીય કાર્યકાળ દરમિયાનની યાદગાર ક્ષણો પણ સ્ક્રીન પર એકપછી એક સ્ક્રોલ થતી નજરે પડતી હતી. સુર, શબ્દ અને ભકિતરસના માધ્યમથી વિરલ અને વિરાટ અટલજીને શ્રધ્ધાજલિ અર્પવા માટેની આ અનોખી પ્રાર્થના સભા દરમિયાન બે મિનિટનુ મૌન પાળવામાં આવ્યુ હતુ. પ્રાર્થના સભા દરમિયાન ઉપસ્થિત અગ્રણીઓએ અટલજી સાથેના સંસ્મરણો રજુ કરી તેમના વિરલ પ્રેરણાદાયી વ્યક્તિત્વના વિચારોને અપનાવવા માટે હાકલ કરી હતી. નગરના ધર્માચાર્ય ફુલશંકર શાસ્ત્રીજીએ આ તબક્કે જણાંવ્યુ હતુ કે અટલજીની ગેરહાજરીમાં ગ્લાની અને ગમગિનીની છાયા છવાયેલી છે.

મહાનપુરુષ અટલજીની વિદાયથી દેશને મોટી ખોટ પડી છે. દેશ સેવામાં તેમણે કોઈ કચાશ રાખી નથી. એક જમાનામાં અમદાવાદની સડકો પર રેડિયો પર તેમનુ પ્રવચન સાંભળવા માટે ભારેભીડ જામતી હતી. આખા હિન્દુસ્તાનમાં અટલબિહારી નામ જોવા મળતુ નથી . દેશને આવા અનેક અટલજીની પ્રાપ્તિ થાય તેવી ભાવના પણ તેમણે વ્યકત કરી હતી.

આ પ્રાર્થનાસભામાં સ્વામિનારાયણ ગુરુકુલના રામ સ્વામી, બ્રહ્માકુમારીઝના કૈલાસદીદી, અશોક ભાવસાર, નગરના અગ્રણી કૃષ્ણકાન્ત જહા, વાડીભાઈ પટેલ, પ્રો કરશનદાસ સોનેરી, પુર્વ મંત્રી મહેન્દ્ર ત્રિવેદી, મેયર દેવેન્દ્રસિંહ ચાવડા ,ગુડાના પુર્વ ચેરમેન આશિષ દવે, શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચ, પટેલ સમાજના અગ્રણી કીશોર શેલડીયા, કડવા પાટીદાર સમાજના પ્રમુખ ભરતભાઈ પટેલ અને મહામંત્રી ભોળાભાઈ પટેલ, ડો શંકરસિંહ રાણા, જશવંત ગાંધી, કમલકિશોર જૈન, પુર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા, જાણીતા કવિ ભરત કવિએ અટલજી પર સ્વલિખિત કવિતાનું પઠન કર્યું હતું. આ ઉપરાંત આગેવાનોએ અટલજી સાથેના સંસ્મરણો અને વિવિધ દ્રષ્ટાંતો ટાંકી સંસ્મરણો રજુ કર્યા હતા. આ પ્રાર્થના સભામાં મહાનગર પાલિકાના સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન મનુભાઈ પટેલ ભાજપ યુવા પાંખના જીગર પટેલ, ઉરેન પટેલ, કેતન પટેલ, રૂચિર ભટ્ટ, પદમસિંહ ચૌહાણ, યુવા અભિનેતા જનક ઠક્કર નગરના કોર્પોરેટરો સહીત નગરની વિવિધ સંસ્થાઓના પદાધિકારીઓ તેમજ નાગરિકો મોટી સંખ્યામાં હાજર રહયા હતા. સમગ્ર કાર્યક્રમનુ સંચાલન ડો વર્ષા પારેખે કર્યુ હતુ. જયારે શહેર ભાજપના પ્રમુખ મહેન્દ્ર દાસે આભાર વિધિ કરી હતી.

# સે-૨૪ માં વેપારીઓએ સ્વેચ્છાએ દબાણો દુર કરવા ઝુંબેશ હાથ ધરી

**હરસિધ્ધનગર અને શ્રીનગરના વેપારીઓએ દુકાનોના શેડ તેમજ ઓટલા સહીતના દબાણો સ્વેચ્છાએ દુર કરવા માટે ઝુંબેશ આરંભી**

ગાંધીનગર તા ૨૪

શહેરમાં દબાણ હટાવ ઝુંબેશ દરમિયાન સેકટરોમાંથી લારી ગલ્લા તેમજ દુકાનોના શેડ અને ઓટલા ઉપરાંત પાર્કીંગ પ્લેસ પરથી અનેક દબાણો દુર કરવામાં આવ્યા છે. જયારે હવે વેપારીઓ પણ સ્વેચ્છાએ દબાણ દુર કરવાની કામગીરીમાં લાગી ગયા છે. સે-૨૪ માં સ્થાનિક વેપારીઓ દ્વારા છેલ્લા બે દિવસથી સ્વેચ્છાએ દબાણો દુર કરવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

શહેરમાં દબાણ હટાવ ઝુંબેશના અંતે વેપારીઓમાં ફફડાટ પ્રવર્તયો છે.વર્ષોથી મનફાવે તેમ દબાણો ગોઠવી દેવાતા નગરનુ જનજીવન પણ દબાણોથી પ્રભાવિત થયુ છે. જયારે દબાણના લીધે ગંદકી અને પાર્કીંગ સહીત ટ્રાફિકને લગતી પણ અનેક સમસ્યાઓ ઉઠવા પામી છે. સેકટરોના કોર્મશિયલ કોમ્પલેક્ષો આસપાસ આમ નાગરિકોનો વાહન પાર્ક કરવા માટે જગ્યા ન મળતા સ્થાનિકોમાં અનેકવાર આક્રોશ પ્રવર્તે છે. જયારે છેલ્લા ઘણાં સમયથી નગરના સેકટરોમાં મહાનગરપાલિકા દ્વારા હાથ ધરાયેલ દબાણ ઝુંબેશ અન્વયે તંત્ર કક્ષાએથી લારી ગલ્લા તેમજ દુકાનોના શેડ અને ઓટલા ઉપરાંત પાર્કીંગ વિસ્તારમાંથી દબાણો દુર કરવામાં આવી રહયા છે. ત્યારે પાકા દબાણો પર બુલડોઝર ફેરવવા માટે પણ પ્રબળ માંગ આમ નાગરિકોમાં ઉઠવા પામી છે. જો કે દબાણ હટાવ ઝુંબેશના અંતે હાલ સેકટરોમાં સ્થાનિક વેપારીઓ દ્વારા સ્વેચ્છાએ દબાણો દુર કરવાની કામગીરી પણ હાથ ધરાઈ છે. સે-૨૪ માં દબાણકર્તાઓને નોટીસ અપાયા બાદ શ્રીનગર અને હરસિધ્ધનગર વિસ્તારમા સ્થિત દુકાનોના વેપારીઓએ સ્વેચ્છાએ દબાણો દુર કરવાનુ અભિયાન હાથ ધર્યુ છે. ગઈકાલે પણ વેપારીઓ દ્વારા દુકાનના શેડ તેમજ ઓટલાના દબાણો દુર કરાયા હતા. જયારે આજે પણ સ્થાનિક વેપારીઓએ દબાણો હટાવાનુ કામ હાથ ધર્યુ હતુ.

**ઓરી-રૂબેલા રસીકરણ અભિયાનમાં**

# નબળી કામગીરી માટે આરોગ્યતંત્ર પોતે વધુ જવાબદાર : કલેક્ટર

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં ઓરી-રૂબેલા રસીકરણ અભિયાનને નબળા પ્રતિસાદ માટે તંત્રનું ઉદાસીન વલણ સૌથી વધુ જવાબદાર હોવાનુ જણાવી જિલ્લા કલેક્ટર એસ.કે. લાંગાએ આજે જિલ્લા આરોગ્યના અધિકારીઓનો ઉધડો લીધો હતો.

જિલ્લા કલેકટરે આજે સમીક્ષા બેઠકમાં શિક્ષણ વિભાગના અધિકારીઓ સાથે સુયોગ્ય સંકલન રાખી આગળ વધવા માટે જમાવ્યુ હતુ. તેમણે જે શાળાઓમાં ૨૦ ટકાથી પણ ઓછુ કવરેજ થયુ છે તેના આચાર્યો સાથે વાલીઓની ઉપસ્થિતિમાં આરોગ્ય અને શિક્ષણના અધિકારીઓ સંયુક્ત બેઠક રાખી તેમને અભિયાન અંગે સમજૂત કરે તે જરૂરી છે.

જિલ્લા કલેક્ટરે ૨૦ ટકાથી ઓછુ કવરેજ ધરાવતી એક પણ શાળાની મુલાકાત આરોગ્યતંત્રના અધિકારીએ નથી લીધી આનાથી વધુ ઉદાસીનતા કઈ હોઈ શકે.

જિલ્લાનો રાજ્યમાં ૨૨મો ક્રમ આવ્યો હોવાની વાતને લઈ તેમજ મનપાનો છેલ્લો નંબર જોઈ તેમણે ખુબજ સખ્ત નારાજગી આજની સમીક્ષા બેઠકમાં વ્યક્ત કરી હતી.

જિલ્લામાં દહેગામ તાલુકામાં ૬૪.૪૭, માણસા ૬૮.૩૦, કલોલ ૫૧.૩૧ તથા ગાંધીનગર તાલુકામાં ૫૮.૫૨ ટકા કામગીરી પૂર્ણ થઈ છે. જિલ્લા વિકાસ અધિકારી હિતેષભાઈ કોયા, ગાંધીનગર મહાનગરપાલિકા અને જિલ્લા પંચાયત આરોગ્ય વિભાગના અધિકારીઓની ઉપસ્થિતિમાં ઓરી-રૂબેલા રસીકરણ અભિયાનની સમીક્ષા બેઠકને સંબોધતા જિલ્લા કલેકટર એસ.કે. લાંગાએ જિલ્લાની તમામ સરકારી અને ખાનગી શાળાઓ, મહાનગરપાલિકા વિસ્તાર અને ખાસ કરીને કલોલ, દહેગામ, ગાંધીનગર, માણસાના શહેરી વિસ્તારો તથા આંગણવાડીના તમામ બાળકો ઓરી-રૂબેલા રસીકરણથી વંચિત ન રહે તે માટે ગ્રાસ રૂટ લેવલ એકશન પ્લાન બનાવી સઘન રસીકરણ ઝુંબેશ હાથ ધરવા તાકિદ કરી હતી. બાળકોના આરોગ્યના હિતમાં જે શાળાના સંચાલકો સહકારના આપે તેમની જવાબદારી નક્કી કરાશે. રીપીટ રાઉન્ડમાં વંચિત બાળકોના વાલીઓને જાગૃત બની રાજય સરકારના આ અભિયાનને સાર્થક કરવા અને પોતાના બાળકના આરોગ્યની ચિંતા કરી રસીકરણ કરી પોતાના બાળકોને રક્ષા કવચ પુરૂ પાડવા જિલ્લા

● અનુસંધાન પાન-૭ પર

**માનીતાઓને ગોઠવી ઓર્ડર ઈસ્યુ કરાયાનો ગંભીર આક્ષેપ**

# બિનસચિવાલય કારકુનની ભરતીના વેઈટીંગમાં નથી તેને ઓર્ડર અપાયા

ગાંધીનગર

રાજય સરકારમાં ખાલી પડેલી જગ્યાઓની ભરતીમાં છાશવારે થતાં કૌભાંડોના કારણે ઉમેદવારોનો વિશ્વાસ ઉઠતો જાય છે ત્યારે લેવાતી મોટાભાગની પરીક્ષાઓમાં ગેરરીતિઓ થવાના આક્ષેપો કરવામાં આવતાં હોય છે.ત્યારે બિનસચિવાલય કારકુનની જગ્યામાં ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા માનીતાઓની ભરતી કરી હોવાના આક્ષેપો ઉઠવા પામ્યા છે અને આ અંગે તટસ્થ તપાસ કરવાની પણ માંગણી કરાઈ છે. મુખ્યમંત્રી અને વિપક્ષના નેતા સહિત અધિકારીઓને પણ આ બાબતે લેખિતમાં રજૂઆત કરવાની સાથે આગામી સોમવારે હાઈકોર્ટમાં સેટીંગ કરીને જે ઉમેદવારો નોકરી મેળવી છે તેની

**સેટીંગ કરીને જે ઉમેદવારો નોકરી મેળવી છે તેની સામે સ્ટે લાવવા હાઈકોર્ટમાં સોમવારે જવા માટેની તૈયારીઓ ભોગ બનેલા પરીક્ષાર્થીઓ દ્વારા કરવામાં આવી**

સામે સ્ટે લાવવા માટેની તૈયારીઓ ભોગ બનેલા પરીક્ષાર્થીઓ દ્વારા કરવામાં આવી છે. ત્યારે આ બાબતે સંબંધિત સત્તાધીશોને લેખિત રજૂઆત પણ કરવામાં આવી છે.

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા બિનસચિવાલય કારકુન જાહેરાત ક્રમાંક ૮૩/૧૬૧૭ની પરીક્ષા ઓકટોબર ૨૦૧૬માં યોજવામાં આવી હતી. જેમાં પાસ થયેલા ઉમેદવારોને ૧૯ એપ્રિલ ૨૦૧૭ એ ઓર્ડર અપાયા હતા ત્યારબાદ પ્રતિક્ષા યાદી ૬ એપ્રિલ ૨૦૧૮માં મુકવામાં આવી હતી. ત્યારે ઉમેદવારો એવો આક્ષેપ કરી રહયા છે કે ૭૦૦થી વધુ ઉમેદવારોના ઓર્ડર મળતીયાઓ દ્વારા ગૌણ સેવા મંડળના લેટરપેડ ઉપર ઈસ્યુ કરાયા છે જે ઉમેદવારો આગામી સમયમાં નોકરી ઉપર હાજર થવાના છે.

ત્યારે ભોગ બનેલા ઉમેદવારો એકજુથ થઈને આગામી સમયમાં સરકાર સામે આ બાબતે રોષ ઉભો થયો છે અને ભરતી રોકવામાં નહીં આવે તો નોકરીથી વંચિત રાખનાર તંત્ર સામે કૌભાંડીઓને કોર્ટ સુધી લઈ જવામાં આવશે. Advt*

# સેવાસેતુ કાર્યક્રમ સામાન્ય જનતા માટે જનયજ્ઞ છે

**ગાંધીનગર જિલ્લામાં ભાટ, જેઠલજ અને ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં સેવાસેતું કાર્યક્રમ યોજાયા**

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર જિલ્લાના ભાટ ખાતે યોજાયેલ ચોથા તબક્કાના સેવાસતું કાર્યક્રમનો દીપ પ્રગટાવી પ્રારંભ કર્યા બાદ રાજય આયોજન




પંચના ઉપાધ્યક્ષ શ્રી નરહરિ અમીને જણાવ્યું હતું કે, ગ્રામીણ પ્રજાને ઘર આંગણે સેવાસેતુંના માધ્યમથી એક કરોડથી વધુ અરજદારોની અરજીનો નિકાલ કરવામાં આવ્યો છે. ગાંધીનગર તાલુકામાં ત્રણ તબક્કાના સેવાસેતું કાર્યક્રમ દ્વારા ૮૦ હજાર લોકોને લાભ આપવામાં આવ્યો છે. ગાંધીનગર જિલ્લાએ સેવાસેતું કાર્યક્રમમાં રાજયમાં બીજા નંબરનું સ્થાન હાંસલ કરવા બદલ જિલ્લા કલેકટર શ્રી એસ.કે.લાંગા સહિત તમામ વિભાગના અધિકારીઓને અભિનંદન આપી જણાવ્યું હતું કે, મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગ્રામીણ પ્રજાના વિવિધ પ્રમાણપત્રો ઘરબેઠાં મળી રહે તે માટે પારદર્શિતા દ્વારા ઝડપી પ્રશ્નોના નિકાલની ઝુંબેશ હાથ ધરી છે.

જિલ્લા કલેકટર શ્રી એસ.કે.લાંગાએ જણાવ્યું હતું કે, સેવાસેતું કાર્યક્રમ સામાન્ય જનતા માટે જનયજ્ઞ છે. સરકારના ૧૩ વિભાગોની ૫૫ જેટલી સેવાઓ માટે ૧૫ અધિકારીઓનો સ્ટાફ સાથે આયોજિત સેવાસેતું કાર્યક્રમનું આયોજન કર્યું છે. ગાંધીનગર જિલ્લાના તમામ ગામોના વ્યક્તિઓ મા અમૃતમ યોજના, આધાર કાર્ડ તથા આવક અને જાતિના પ્રમાણપત્રો તથા આરોગ્યલક્ષી સેવાઓનો ઘર આંગણે લાભ આપવા જિલ્લા વહીવટી તંત્ર તત્પર છે.

મહાનુભાવોના હસ્તે લાભાર્થીઓને રેશનકાર્ડ, સોઈલ હેલ્થ કાર્ડ, નરેગા જોબકાર્ડ, સહિત વિવિધ પ્રમાણપત્રો આપવામાં

● અનુસંધાન પાન-૭ પર

# આજથી હાર્દિક પટેલનું ઉપવાસ આંદોલન

**ઉપવાસ પહેલા હાર્દિકની અટકાયત થાય તેવી વકી ધરપકડ થાય તો પણ જેલમાં ઉપવાસ કરવાની હાર્દિકની ચીમકી : ગુજરાતમાં પોલીસનો મજબૂત બંદોબસ્ત રહેશે**

અમદાવાદ, તા.૨૪

પાટીદારોને અનામત અને ખેડૂતોની દેવાં માફીને લઈ પાટીદાર અનામત આંદોલન સમિતીના કન્વીનર હાર્દિક પટેલે આવતીકાલથી આમરણાંત ઉપવાસની જાહેરાત કરી છે. ઉપવાસ અંગેની પોલીસે મંજૂરી આપી નથી. જેથી હાર્દિક પટેલે હવે વૈષ્ણોદેવી ગ્રીનવૂડસ પાસે આવેલા પોતાના છત્રપતિ નિવાસમાં ઉપવાસ કરવા



નિર્ણય જાહેર કર્યો છે ત્યારે સમગ્ર રાજયમાં હાર્દિકના આવતીકાલથી શરૂ થઈ રહેલા ઉપવાસ આંદોલનને લઈ ભારે ઉત્તેજના અને અજંપાભર્યો માહોલ પ્રવર્તી રહ્યો છે. બીજીબાજુ, રામોલ કેસમાં હાર્દિક પટેલના કેસમાં ચુકાદો હવે સોમવાર પર ટળતાં હાર્દિકને ત્યાં સુધી તો રાહત થઈ છે. બીજી તરફ હાર્દિક પટેલના રામોલના કેસમાં જામીન રદ કરવા માટે રાજય સરકાર દ્વારા કોર્ટમાં અરજી કરાઈ છે તેને લઈને ચુકાદો હવે સોમવારે આવે તેવી શક્યતા છે. આવતીકાલનાં ઉપવાસની જાહેરાતને લઈ પોલીસે હાર્દિક પટેલના નિવાસ સ્થાને વોચ ગોઠવી છે. હાર્દિકને સમર્થન આપવા આવી રહેલા ૧૫ જેટલા પાસના કાર્યકરો-અગ્રણીની રાજકોટ ખાતે પોલીસે અટકાયત કરી છે. હાર્દિક પટેલના આમરણ ઉપવાસને લઈ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ન વણસે તેને લઈ પોલીસ આજથી જ એલર્ટ થઈ ગઈ છે.


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN ashirvad BENELAVE DR. FIXIT TATA STEEL • PIPES • SHEETS ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



ROOPKALA The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય



www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેકટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com